# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/ક્વા-૪/૧૯-૨૦/૧૭૮૭-૩** તા.૧૨.03.२0२0

२003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.0૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.0૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૭/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: લાભુભાઈ લક્ષ્મણભાઈ , ગામ - રાજકોટ **સબડીવીઝન**:વાવડી રાજકોટ શહેર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી **રાજકોટ શહેર-૩**

## :: ફોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

તારીખ: 0૪-03-२0२0 (બુધવાર)

## :: અરજદારની રજૂઆત ::

૧.0 અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, –તેઓનું ખેતીવાડી વિજ જોડાણ ગ્રાહક નં ૩૪૫0૩/00૩૨૯/૧ થી ૭.૫ હો.પા. નું વિજ જોડાણ ધરાવે છે જેમાં લોડ વધારો ૨૦ હો.પા. સુધી કરવા માટે તા. 0૩.0૬.૨૦૧૯ થી અરજીની નોધણી કરાવેલ છે જે અન્વેય ભાવપત્રક તા. ૨૮.0૬.૨૦૧૯ થી આપેલ જે

તા. ૧૬.૦૭.૨૦૧૯ ના રોજ ટેસ્ટ રિપોર્ટ સાથે ભરપાઈ કરી આપેલ તેમ છતા નિયમ મુજબ ટ્રાન્સફોર્મર – મીટર – સર્વિસ બદલાવી આપેલ નથી જેથી લોડ વધારો કરાવેલ છતાં લોડ વધારો વાપરી શકતા નથી જેથી અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર ની લેખીત રજૂઆત મુજબ ખેતીવાડી વિજ જોડાણ ગ્રાહક નં ૩૪૫૦૩/૦૦૩૨૯/૧ થી ૭.૫ હો.પા. નું વિજ જોડાણ ધરાવે છે જેમાં લોડ વધારો ૨૦ હો.પા. સુધી કરવા માટે તા. ૦૩.૦૬.૨૦૧૯ થી અરજીની નોધણી કરાવેલ છે જે અન્વેય ભાવપત્રક તા. ૨૮.૦૬.૨૦૧૯ થી આપેલ જે તા. ૧૬.૦૭.૨૦૧૯ ના રોજ ટેસ્ટ રિપોર્ટ સાથે ભરપાઈ કરી આપેલ છે જે અનુસંધાને તા. ૧૮.૦૨.૨૦ ના રોજ થી ટ્રાન્સફોર્મર અને પ્રો-ફોરમા-૧૫ નં. ૯૪૩૦૪૪ થી મીટર – સર્વિસ બદલાવી આપેલ છે. આમ અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ પક્ષકાર તરફથી સુખદ નિરાકરણ કરી આપતા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૨૫.૦૨.૨૦ થી રજુ કરેલ છે.

## :: હુકમ ::

૨.૦ અરજદાર ની રજૂઆત અન્વયે **પેરા નં ૨.૦** અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા – બંને પક્ષકારો વચ્ચે થયેલ સમાધાનપત્ર તા.૨૫.૦૨.૨૦૨૦ થી રજુ કરાયેલ છે તે મુજબ સદર બાબતે કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

૨.૧ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૨.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

**(કે. જે. મોટાણી)**
**સભ્ય (સ્વતંત્ર)**

**(જે.બી.પારેખ)**
**ચેરપર્સન**